## આંક–૧ લગત હુકમ

૧) સદર કામ ચાર્જના હુકમ માટે હોય અને આ કામે ફરીયાદી તથા આરોપીઓના વિ.વ.શ્રીઓને સાંભળ્યા, રજુ થયેલ ફરીયાદપક્ષનો ચાર્જનો પુરાવો ધ્યાને લીધો.

૨) **ફરીયાદ:–** સદર કામે ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડાએ અત્રેની અદાલતમાં તહોમતદાર નં.૧ શ્રી સંજીવ ભટ, તહોમતદાર નં. ૨ શ્રી પ્રવિણસીંહ ઝાલા, તહોમતદાર નં.૩ શ્રી શૈલેષ પંડયા સામે ઈ.પી.કો કલમ–૩૨૩, ૩૨૫, ૧૧૪/૩૪ મુજબની લેખીત ફરીયાદ તા.૨૧/૧૨/૧૯૯૦ ના રોજ દાખલ કરેલ છે અને ફરીયાદ હકીકતમાં જણાવેલ છે કે બનાવ તા.૩૦/૧૦/૧૯૯૦ ના રોજ જામજોધપુર એલાનના કારણે બંધ હતુ તે વખતે બંદોબસ્તમાં પોલીસ આવેલા હતા તેમાં બનાવ બપોરના દોઢેક વાગ્યાના સુમારે ફરીયાદી તથા તેમના બૈરા છોકરાઓ તથા કાંતિલાલ રમણીકલાલ ઠકરાર, જયેશ રવિશંકર જોષી, ભુપેન્દ્રકુમાર મગનલાલ પાડલીયા તથા ચંદુલાલ ગાંગજીભાઈ રતનપરા ટી.વી જોતા હતા તેવામાં તહોમતદારોએ બહારથી અવાજ કરી અમો બધાને બહાર બોલાવેલા અમો જેવા બહાર આવ્યા તેવા તહોમતદારોએ અમારા ઉપર લાકડીઓ વડે તુટી પડેલ અને અમોને લાકડી મારતા મારતા લાડવા શેરીના નાકા સુધી લઈ ગયેલ અને ત્યાં ઉભા રાખીને લાકડીઓ મારેલ ત્યાંથી પાછા પ્રભાત સ્ટુડીયો પાસે લાવેલ અને ત્યાંથી પોલીસ સ્ટેશને જીપમાં લઈ ગયેલા હતા અને પોલીસ સ્ટેશને અમોને ઉંધા સુવડાવીને માર મારેલ હતો તથા કોણીભેર ચલાવતા ચલાવતા લાકડીઓ વડે માર મારતા હતા અને તહોમતદારો સાથે બીજા પોલીસવાળા હતા તેના નામ આવડતા નથી તેમજ પોલીસવાળા બીજા માણસોને પકડી લાવેલા તેને પણ કોણીભેર ચલાવીને તહોમતદારોના કહેવાથી માર મારતા હતા જેમાં તહોમતદાર નં. ૧ ના સંજીવ ભટે મને લાકડી વડે માર મારતા મારા જમણા હાથમાં ફ્રેકચર થયેલ છે જયારે તહોમતદાર નં.૨ પ્રવિણ સિંહ ઝાલા એ તથા તહોમતદાર નં.૩ શૈલેષ પંડયાએ મને લાકડી વડે માર મારતા બંને કુલા ઉપર, બંને સાથળ(પાછળના ભાગે)બંને પગની પિંડી ઉપર ઈજાઓ થયેલ છે તેજ રીતે કાંતિલાલ રમણીકલાલને સંજીવ ભટે તથા પ્રવિણ સિંહ ઝાલાએ બંને કુલા ઉપર લાકડીઓ મારેલ તથા ભુપેન્દ્ર મગનલાલને તહોમતદાર નં.૩ શૈલેષ પંડયાએ લાકડીઓ વડે માર મારતા બંને ખભાના થાપાના ભાગે, જમણા હાથના પાછળના ભાગે, જમણા કુલા ઉપર તથા બંને ગોઠણ ઉપર ઈજાઓ થયેલ છે તથા જયેશ રવિશંકર જોષી તથા ચંદુલાલ ગાંગજી રતનપરાને પણ નાની મોટી મુંઢ ઈજાઓ થયેલ હતી.

તહોમતદારોએ આખી રાત ખાવા પિવાનું આપ્યા વિના પોલીસ સ્ટેશન માં રાખી બીજા દીવસે તા.૩૧/૧૦/૧૯૯૦ ના રોજ સવારે કોર્ટમાં રજુ કર્યા ત્યારે અમોને ખબર પડી કે પોલીસે અમોને ખોટી રીતે ગંભીર ગુનામાં સંડોવી દીધા છે અને તે પહેલા અમોને કયાં ગુનામાં અટક કરેલા છે તેની ખબર પડેલ નહી અને પોલીસે જણાવેલ નહી તેમજ નામદાર કોર્ટમાં રજુ કર્યા ત્યારે અમો એકદમ ભયમાં હતા અને પોલીસ કબજા નીચે હતા અને તહોમતદારોએ ધમકી આપેલી જેથી પોલીસના ડરથી નામદાર જજ સાહેબે પુછયુ ત્યારે કોઈ ફરીયાદ કરેલ નહી અને ફરીયાદીને થયેલ ઈજા પરત્વે પ્રથમ ઈરવીન હોસ્પિટલ જામનગરમાં સારવાર કરાવેલ છે ત્યારબાદ જામીન ઉપર છુટી જામજોધપુર સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવેલ છે અને ભુપેન્દ્રભાઈ મગનલાલ પાડલીયાએ પણ જામીન પર છુટયા પછી જામજોધપુર સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવેલ છે અને તહોમતદારોએ એક સંપ કરી લાકડીઓ વડે માર મારી અસ્થિભંગ જેવી ગંભીર તથા સાદી ઈજાઓ કરી સજાને પાત્ર ગુનો કરેલ છે.

**<u>સદર બનાવ બનવાનું કારણ :-</u>** અગાઉ પોલીસ ખાતા વિરૂધ્ધ આંદોલન થયેલ તેમાં પી.એસ.આઈ તથા બે પોલીસવાળા સસ્પેન્ડ થયેલ તેનો જામજોધપુરના નાગરિકો ઉપર બદલો લેવા ખોટી રીતે કર્ફયુ લગાડી નિદોર્ષ લોકોને તોફાનોના બનાવો માં સંડોવીને પકડીને અમોને માર મારેલ છે.

**<u>સદર ફરીયાદ મોડી કરવાનું કારણ</u>:-** જામજોધપુરમાંથી અનેક નિદોર્ષ લોકોને પકડી તથા બીજી અનેક રીતે ત્રાસ ગુજારી તથા માર મારી પોલીસવાળાઓએ ત્રાસ વર્તાવેલ તે અંગે અદાલતી તપાસ તથા સી.આઈ.ડી તપાસ વગેરેની જાહેરાત થઈ તેથી તહોમતદારો સામે પગલા લેવાશે તેમ લાગતુ હતુ પરંતુ આ ગુના પરત્વે તહોમતદારો સામે કોઈ ફરીયાદ નોંધવામાં ન આવતા અને અમોને જાણવા મળ્યા મુજબ આ બાબત સમુહમાં તપાસ કરી વધુમાં વધુ તો ખાતાકીય કાર્યવાહી થાય અને બનેલ ફોજદારી ગુના પ્રત્યે ગુનો નોંધવાનો ન હોય તેમ જાણવા મળતા અમોએ હાલની ફરીયાદ મોડી દાખલ કરેલ છે.

**૩)** સદર કામે મારા પુરોગામી સાહેબશ્રીએ ફરીયાદ, ફરીયાદીનું વેરીફીકેશન ધ્યાને લઈ સદર ફરીયાદને ફો.ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો હુકમ કરેલ, ત્યારબાદ ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડા તથા સાહેદ ભુપેન્દ મગનલાલ પાડલીયા તથા જામજોધપુર સરકારી દવાખાનાના ડો.શ્રી.એન.એચ.કલોલાને ઈન્કવાયરીના કામે તપાસીને મારા પુરોગામી સાહેબશ્રી એ આંક-૧ હેઠળ હુકમ કરી ક્રિમીનલ પ્રોસીજર કોડ

કલમ–૨૦૪ અન્વયે આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૩૨૫, ૩૨૩, ૧૧૪ મુજબના પ્રોસેસ ઈસ્યુ કરેલ અને તેના અનુસંધાને આરોપીઓ હાજર થતા આરોપીઓને નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ સદર કામ ખાનગી ફરીયાદ પરથી વોરંટ ટ્રાયેબલ હોય ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૪(૧) મુજબ ફરીયાદપક્ષનો ચાર્જનો પુરાવો અદાલત સમક્ષ લેવામાં આવેલ.

**<u>ફરીયાદી તર્ફે ચાર્જની દલીલ:–</u>**

૪) સદર કામે ફરીયાદી તર્ફે પ્રોક્ષી વિ.વ.શ્રી. કે.પી.ગોટીએ ચાર્જની દલીલમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડાએ લેખીત ફરીયાદ ઈ.પી.કો કલમ–૩૨૫, ૩૨૩, ૧૧૪ મુજબની કરેલ છે તેમાં ફરીયાદી તથા આ કામના સાહેદો ફરીયાદીના ઘરે બપોરના દોઢેક વાગ્યે ટી.વી જોતા હતા તે દરમ્યાન ડેલી ખખડાવતા ડેલી ખોલતા બહાર કાઢીને લાકડી વડે સંજીવ ભટે ફરીયાદીને માર મારતા હાથમાં ફ્રેકચર થયેલુ છે અને સાથળમાં તથા થાપાના ભાગે ઈજા થયેલ છે તેમજ પ્રવિણસિંહ ઝાલા તથા શૈલેષ પંડયા પણ માર મારતા હતા અને ખાવા પિવાનું આપ્યા વગર માર મારેલ છે જેથી ઈજાઓ થયેલ છે માટે ઈ.પી.કો કલમ–૩૨૩, ૧૧૪ મુજબનો ગુનો બને છે. વધુમાં ફરીયાદના પેરા–૫ માં ફરીયાદીએ ઈરવીન હોસ્પિટલ જામનગરમાં સારવાર કરાવેલી છે અને જામીન ઉપર છુટયા બાદ જામજોધપુર સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ અને સાહેદ ભુપેન્દ્ર ભાઈ પાડલીયાનું સારવાર સર્ટી રજુ કરેલા છે અને ફરીયાદ દાખલ કરતી વખતે ફરીયાદીનું વેરીફીકેશન લીધેલ છે અને તેમાં પણ લાકડી અને બંદુકના કુંદા મારેલ છે અને ફરીયાદમાં જણાવેલ ત્રણ પોલીસવાળા હતા અને બીજા પોલીસવાળાને ઓળખતા નથી તેમજ માર મારવાના કારણે માથામાં, વાસામાં, જમણા હાથમાં ફેંકચર થઈ ગયેલ છે તેમજ આ કામે જામજોધપુર સરકારી દવાખાનાના ડો. એન.એસ.કલોલાને તપાસેલા છે તેઓએ ફરીયાદીની સારવાર તા.૦૯/૧૧/૧૯૯૦ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે કરેલ છે તેમાં દર્દીને ડાબા અને જમણા કુલાના ભાગે દુખાવાની ફરીયાદ હતી, જમણા હાથમાં ફેંકચર થયેલ હતુ ઉપર પ્લાસ્ટર નો પાટો બાંધેલ હતો જે અંગે આંક–૭ થી સારવાર સર્ટી. આપેલ છે અને ચાર્જના પુરાવા દરમ્યાન ફરીયાદી એ આંક–૮૪ થી જુબાની આપેલ છે તેમાં ત્રણેય આરોપીઓનું નામ લખાવેલ છે અને ફરીયાદી બહાર નીકળેલા ત્યારે માર મારવા લાગેલા, મારતા મારતા પ્રભાત સ્ટુડીયો એ લઈ ગયેલા અને પોલીસવાળા પણ સંજીવ ભટ, શૈલેષ પંડયા, પ્રવિણસિંહ ઝાલાના કહેવાથી ફરીયાદી અને સાહેદોને માર મારતા હતા તેમાં ફરીયાદીને જમણા

હાથમાં કાંડા અને કોણી વચ્ચે ફ્રેકચર થયેલ અને ફરીયાદીએ પોડકશન વખતે શા માટે કોર્ટમાં ફરીયાદ ન આપી તેનું કારણ જણાવેલ છે કે અમોને ધમકી આપેલ હતી જેથી અમોએ કોર્ટમાં માર મારેલો છે તે અંગે પુછતા અમોએ તે અંગે જણાવેલ નથી અને ફરીયાદ કરેલ નથી. વધુમાં સાહેદ નં.ર ભુપેન્દ્ર મગનલાલ પાડલીયા ને ચાર્જના પુરાવામાં તપાસેલા છે તેમાં તેઓ મોટરસાઈકલ લઈને જતા હતા ત્યારે પ્રભાત સ્ટુડીયો પાસે ઉભો રાખેલો તે વખતે સંજીવ ભટ હતા તેમણે માર મારતા બંને કુલા તથા વાસા પર ઈજા થયેલી જે અંગે ડરના કારણે ફરીયાદ કરેલ નથી અને ઈજા અંગે જેલમાં સારવાર લીધેલી તેમજ જેલમાંથી છુટયા બાદ જામજોધપુર સરકારી હોસ્પિટલમાં સારવાર લીધેલી અને આંક-૧૪૮ થી ડો.એન.એસ.કલોલાને તપાસેલા છે તેઓએ પણ મહેશભાઈ દામજીભાઈ ને જે ઈજા થયેલ હતી તે ૩ અઠવાડીયામાં સારી થઈ જાય તે પ્રકારની હતી અને મહેશભાઈ દામજીભાઈ ૧૦ દીવસ જેલમાં રહેલ હતા એટલે ૨૦ દીવસ કરતા વધુ દુ:ખાવો રહેલ છે અને દર્દી નામે ભુપેન્દ્ર મગનલાલ પાડલીયા ની સારવાર કરેલી તેને ઈજામાં ઉઝરડાઓ હતા તેમજ દબાવવાથી દુખાવાની ફરીયાદ હતી તે ૫ દીવસમાં સારી થઈ જાય તે પ્રકારની ઈજા હતી અને આંક-૧૪૯ થી સારવાર સર્ટી આપવામાં આવેલ છે. વધુમાં જણાવે છે કે ફરીયાદ, વેરીફીકેશન, સારવાર સર્ટીફીકેટ, ફરીયાદી તથા સાહેદની સોંગદપર ચાર્જની જુબાનીમાં ફ્રેકચર થયેલ છે તે અંગે ડોકટરશ્રીએ જાહેર કરેલ છે જેથી ઈ.પી.કો કલમ-૩૧૯ ની વ્યાખ્યા ધ્યાને લેતા કલમ-૩૨૩ નો ગુનો બને છે અને કલમ-૩૨૦ ની વ્યાખ્યામાં ક્રમ નં.૭ માં હાડકાનું ભાંગી જવુ તે ડોકટરશ્રીએ સર્ટીફીકેટમાં જણાવેલ છે તેથી હકીકત ખુલવા પામેલ છે અને ક્રમ નં.૮ માં વ્યથા ભોગવનાર ને સતત ૨૦ દીવસ સુધી શારિરીક પિડા થાય તો લાગુ પડે જે અંગે તા.૩૦/૧૦/૧૯૯૦ ના રોજ માર મારવામાં આવેલ છે તેમાં ૧૦ દીવસ જેલમાંથી છુટયા બાદ સારવાર લીધેલ છે અને ડો. કલોલાએ ૩ અઠવાડીયામાં ઈજા સારી થઈ શકે તેમ જણાવેલ છે તેથી વ્યથા અને મહા વ્યથાની વ્યાખ્યામાં આવે જેથી ઈ.પી.કો કલમ-૩૨૩, ૩૨૫ મુજબની ઈજાઓ થયેલ છે જેથી ઈ.પી.કો કલમ-૩૨૩, ૩૨૫, ૧૧૪ મુજબનો તહોમતદારો સામે ચાર્જ ફરમાવવા હુકમ કરવા દલીલ કરેલ છે.

**<u>આરોપીઓ તર્ફે ચાર્જની દલીલ:-</u>**

**૫)** સદર કામે આરોપી નં.૧ અને ૩ તર્ફે પ્રોક્ષી તથા આરોપી નં.ર તર્ફે વિ.વ.શ્રી. કે.બી.બાળધા એ ચાર્જની વિગતવાર દલીલમાં જણાવેલ છે કે બનાવ પછી ફરીયાદ બે મહીના બાદ કરવામાં આવેલ છે તેમજ ઈજા અંગેની કોઈ ફરીયાદ પોલીસ સ્ટેશને લખાવેલ નથી કે ફરીયાદ આપવા ગયા હોય અને પોલીસે લીધેલ ન હોય તેવુ બનેલ

નથી અને કહેવાતો બનાવ તા.૩૦/૧૦/૧૯૯૦ ના રોજ જામજોધપુર બંધના કારણે બનેલ તેમાં ફરીયાદી ઘરે હતા અને તેમના ઘરના કુલ ૧૩ સભ્યો હાજર હતા તેમજ મિત્રો પણ હાજર હતા તેમ છતાં આ ફરીયાદને સમર્થન આપવા કોઈ સાહેદને ફરીયાદીએ આ કામે તપાસેલા નથી તેમજ બનાવ નજરે જોનાર સાહેદોને પણ ફરીયાદીએ તપાસેલા નથી. વધુમાં રાજકીય બેઝ બનાવીને કોગ્રેસ અને ભાજપનું વેર ઉભું કરી આરોપીઓ ને સંડોવી દેવા ફરીયાદ કરેલાનું જણાય આવેછે. વધુમાં આ કામના આરોપી પ્રવિણસિંહ ઝાલા અને શૈલેષ પંડયાએ ફરીયાદી કે સાહેદને પગના તળીયા કે બદુંકના કુંદા મારેલ હોવાનું પુરવાર થતુ નથી અને પોલીસ સ્ટેશ ને બીજા પોલીસવાળાએ માર મારેલ છે તેના કોઈ નામ જણાવેલ નથી અને ભાણવડ કોર્ટના નામદાર જજ સાહેબ સમક્ષ પોડકશનના કામે ફરીયાદી તથા સાહેદોને રજુ કરેલ ત્યારે જજ સાહેબે પુછેલ કે તમોને કોઇએ માર મારેલ છે, તો માર મારવાનો ઈન્કાર કરેલો છે અને આ ત્રણ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને માર મારેલ હોય તો તેનું નામ જજ સાહેબે પુછેલ ત્યારે જણાવવુ પડે જે જજ સાહેબને જણાવેલ નથી. વધુમાં ફરીયાદીએ જણાવેલ છે કે પોલીસે માર મારવાની ધમકી આપેલ જેથી અમે જજ સાહેબને જણાવેલ નથી તે અંગે ઈ.પી.કો. કલમ–૫૦૬(ર) ની ધમકી આપેલ હોય તેવુ જણાવેલ નથી અને આરોપીઓ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં નોકરી કરે છે તેવુ પુરવાર થતુ નથી તેમજ ફરીયાદીને કોણીભેર ચલાવેલ હોય તો કોણી પર કોઈ ઈજા આવતી નથી. વધુમાં ફરીયાદના પેરા–૫ માં ફરીયાદીએ જેલમાં જેલરને કે ડોકટરને માર મારેલ હોય તેવુ જણાવેલ નથી અને ઈરવીન હોસ્પિટલ જામનગરમાં સારવાર લીધેલ હોવાનું પુરવાર થતુ નથી તે અંગે કોઈ સારવાર સર્ટીફીકેટ આ કામે રજુ થયેલ નથી તેમજ ૧૦ દીવસ જેલમાં હતા તે હકીકત પણ પુરવાર થતી નથી. વધુમાં ફરીયાદી ભણેલ ગણેલ છે અને ટાડાની એફ.આઈ.આર કે સ્ટેશન ડાયરીનો ઉતારો પણ આ કામે રજુ કરેલ નથી અને ઈ.પી.કો કલમ–૩ર૩ માં સંજીવ ભટ લાકડી વડે માર મારતા ફરીયાદીને ફ્રેકચર થયેલ છે તે હકીકત ખોટી જણાવેલ છે કારણ કે ફ્રેકચરના કારણે હાથ પર સોજો આવે તેવી હકીકત જામનગર જેલના જેલર પાસે જણાવેલ નથી. વધુમાં ફરીયાદીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે જામનગર ઈરવીન હોસ્પિટલમાં ગયો ત્યારે પાટો બંધાવેલ હતો જે પાટો સાદો હતો અને પાટો ખોલવાની કે ઈરવીન હોસ્પિટલમાં સારવાર કરી હોય તેવુ ફલીત થતુ નથી તેમજ તા.૦૯/૧૧/૧૯૯૦ ના રોજ જામજોધપુર સરકારી હોસ્પિટલમાં ફરીયાદી સારવાર લેવા જાય છે તેમ છતાં આંક–૭ ના સારવાર સર્ટીફીકેટમાં ૧ર દીવસ પછી આરોપીઓના નામ કે આરોપીઓ દવારા ઈજા કરેલ છે તેવી કોઈ હકીકત સારવાર કરનાર ડો. એન.એસ.કલોલાને જણાવેલ નથી, જો ફરીયાદી આરોપીઓને નામજોગ ઓળખતા હોય તો ડોકટરને નામ જણાવેલ હોય, પરંતુ આંક–૭ વાળા સારવાર સર્ટીફીકેટમાં કયાંય નામનો

ઉલ્લેખ કરેલ નથી. વધુમાં આંક–૮૫ થી સાહેદ ભુપેન્દ્ર મગનલાલ પાડલીયાએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે પ્રભાત સ્ટુડીયો પાસે મોટરસાયકલ લઈને જતા હતા ત્યારે ટુલ વડે મારેલાનું જણાવેલ છે, લાકડીથી મારેલાનું કયાંય પુરવાર થતુ નથી. વધુમાં આંક–૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ ફરીયાદીએ રજુ કરેલ છે તેમાં આંક–૭ તથા આંક–૧૪૯ વાળા જામજોધપુર સરકારી હોસ્પિટલના સારવાર સર્ટીફીકેટો પોલીસે કબજે કરેલા નથી કે ડોકટર પાસે ફરીયાદીએ અરજી કરીને મેળવેલ હોય તેવુ પણ બનેલ નથી તેમજ ફરીયાદીએ તેમની ફરીયાદ અને સોંગદપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ જામનગર ઈરવીન હોસ્પિટલમાં સારવાર કરાવેલી અને અન્ય જગ્યાએ સારવાર કરાવેલી હોય તેવુ કોઈ સારવાર સર્ટીફીકેટ આ કામે ફરીયાદીએ રજુ કરેલ નથી. વધુમાં આંક–૧૪૮ થી ડો. કલોલા સાહેબે જુબાનીમાં જણાવેલ છે કે તા.૦૯/૧૧/૧૯૯૦ ના રોજ ફરીયાદીએ તેઓની પાસે સારવાર લીધેલ અને જમણા હાથના કોણી પાસે ફેંકચર હોવાનું માલુમ પડેલ તેમાં કાચો પ્લાસ્ટરનો પાટો હતો, દબાવવાથી પિડા થતી હોવાનું જણાવેલ છે પરંતુ આ ઈજા માર મારવાથી થયેલ હોવાનું જણાવતા નથી અને બચાવપક્ષની ઉલટતપાસમાં ડો. સાહેબ જણાવે છે કે કોઈપણ દર્દી સારવાર લેવા આવે તો તેનો ઓ.પી.ડી કેસ કઢાવવામાં આવે છે અને ઓ.પી.ડી કેસ નીકળે તો જ સારવાર કરી શકે અને ઓ.પી.ડી કેસમાં શેના કારણે ઈજા થયેલ છે તે જણાવવું પડે અને આ કામે ઓ.પી.ડી કેસ રજુ થયેલ નથી કે અગાઉ રજુ થયેલ નથી કે ડોકટર સાથે લાવેલ નથી જેથી આંક–૭ તથા આંક–૧૪૯ વાળા સારવાર સર્ટીફીકેટને સમર્થન મળેલ નથી તેમજ ઓ.પી.ડી કેસ પરથી દર્દીનું સારવાર સર્ટીફીકેટ તૈયાર થાય છે તેમ ડોકટર સાહેબ જણાવે છે અને સર્ટીફીકેટ માં કોણે ઈજા કરેલ તેનું નામ જણાવતા નથી અને ફરીયાદી સારવાર કરવા આવેલ ત્યારે કાચો પાટો બાંધેલ હતો, અસ્થિભંગ નથી, પાટો ખોલ્યો નથી કે એક્ષ–રે લીધેલ નથી કે દર્દીને રીફર કરેલ નથી કે ઈજા પાટો ખોલીને જોયેલ નથી તો ડોકટર કેવી રીતે કહી શકે કે ફેંકચર હતુ અને ફરીયાદમાં લખી દેવાથી ફ્રેકચર થયેલ છે તેમ માની શકાય નહી અને ડોકટર જણાવે છે કે દબાવવાથી દુ:ખાવો થતો હતો તો દુ:ખાવાની પિડા પડી જવાથી પણ થઈ શકે અને બનાવ કેવી રીતે બનેલ તે અંગે હીસ્ટ્રીમાં કેમ દર્શાવેલ નથી અને જો માર મારવામાં આવે તો લાલ ચકામાં પડી જાય છે અને દર્દીના સારવાર સર્ટીફીકેટમાં ઈજાની ઉંમર દર્શાવેલ નથી અને ડોકટર સાહેબે ફરીયાદી કે ઈજા પામનારને સારવાર સર્ટીફીકેટ આપેલ નથી અને આ બંને સારવાર સર્ટીફીકેટમાં મેળવનારની કોઈ સહી લેવામાં આવેલ નથી કે રીસીવ કોપી પણ આ કામે રજુ કરેલ નથી અને આ સારવાર સર્ટીફીકેટ કોણે, કોને આપેલ તે પુરવાર થતુ નથી. વધુમાં આંક–૮૪ તથા આંક–૮૫ તથા આંક–૧૪૮ ની જુબાની તથા ઉલટતપાસ વંચાણે લેતા આરોપીઓએ ફરીયાદીને માર મારેલ હોય તેવુ ફલીત થતુ નથી અને આ કામે આખી ફરીયાદ સમજી

વિચારીને બે મહીના બાદ કરેલ છે જેમાં આખી હકીકત ઉપજાવી કાઢેલ હોય જેથી ચાર્જ ફરમાવી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદી રેકર્ડ પર લાવેલ ન હોય જેથી અમો આરોપીઓને સદર ગુનાના કામે છોડી મુકવા દલીલ કરેલ છે.

૬) **ફરીયાદીનો ચાર્જનો પુરાવો:–** ફરીયાદ પક્ષે ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડાએ આંક–૮૪ થી સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓને ઓળખુ છુ તેઓ મારા ઘરે આવેલા અને મને માર મારેલો તેથી ઓળખુ છુ અને આ બનાવ તા.૩૧–૧૦–૧૯૯૦ ના રોજ બપોરની આસપાસ બનેલો તે વખતે તેઓ તેમના ઘરે ટી.વી જોતા હતા અને તેમના મિત્રો જેમાં કાંતિલાલ રમણીકલાલ, જયેશ રવિશંકર તથા ચંદુલાલ હતા તથા તેમના ઘરના સભ્યો હાજર હતા તે દીવસે ગામ બંધ હતુ અને ધંધા બંધ હતા જેથી અમો બધા ઘરે બેસીને ટી.વી જોતા હતા તે વખતે મારા મકાન ની ડેલી ખખડાવતા મે ડેલી ખોલેલી, ડેલી ખોલતા મે બહાર પોલીસવાળા પ્રવિણસિંહ ઝાલા, શૈલેષ પંડયા અને સંજીવ ભટને જોયેલા, હું બહાર નીકળયો તયારે આ લોકોએ અમને માર મારતા મારતા લાડવા શેરીના નાકે લઈ ગયેલા અમને એટલે મારી સાથે ટી.વી જોતા મારા બધા મિત્રોને પકડીને લઈ ગયેલો તે લોકો અમોને લાકડી તથા ઢીકાપાટુનો માર મારતા હતા અને લાડવા શેરીના નાકે લઈ જઈને ત્યાં પણ અમોને લાકડીઓથી માર મારેલો ત્યાંથી અમોને પ્રભાત સ્ટુડીયોએ લઈ ગયેલા ત્યાંથી ભુપતભાઈને લીધેલા અને ત્યાંથી અમો બધાને પોલીસ સ્ટેશને લઈ ગયેલા પોલીસ સ્ટેશને લઈ જઈને અમો બધાને લાકડીથી માર મારેલો અને ત્યાં અમો બધાને કોણીભેર ચલાવેલા પોલીસ સ્ટેશને ઘણા બધા પોલીસ વાળા હતા તે બધા વારા ફરતી મારતા હતા આ બીજા પોલીસવાળાઓ અમોને સંજીવ ભટ, પ્રવિણસીંહ ઝાલા તથા શૈલેષ પંડયાના કહેવાથી મારતા હતા અને પોલીસ સ્ટેશને ગામના બીજા ઘણા બધા માણસોને પકડીને લાવેલા હતા તેમજ મને આ કેસના આરોપીઓએ લાકડીઓ મારેલી તેના કારણે હાથમાં ફ્રેકચર થયેલુ હતુ, આ ફ્રેકચર મને જમણા હાથના કાંડાની કોણી વચ્ચે થયેલુ. આ ઉપરાંત આ લોકોએ મને પગના ઘુંટણ ઉપર, કુલા ઉપર, વાસામાં તથા પગના તળીયે લાકડીઓથી માર મારેલ હતો પોલીસ સ્ટેશને અમોને ખાવા પિવાનું આપ્યા વગર માર મારેલો. પોલીસ સ્ટેશને અમોને સવારના ચારેક વાગ્યા સુધી રાખેલા ત્યારબાદ અમોને ભાણવડ નામદાર અદાલત પાસે લઈ ગયેલા અમોને કોર્ટ સમક્ષ લઈ ગયા ત્યાં સુધી પોલીસે કહેલ નથી કે ગુનાના કામે ધરપકડ કરેલ છે અને કોર્ટમાં અમોને રજુ કર્યા ત્યારે ખબર પડેલ કે અમોને ઉંચા ગુનામાં ફીટ કરી દીધા છે અને અમોને કોર્ટ સમક્ષ રજુ કરેલા ત્યારે અમો ડરેલા હતા અને અમોને ધાક ધમકી આપેલી હતી કે કોર્ટમાં જઈને તમારે કંઈ બોલવાનું નથી કે કાંઈ ફરીયાદ કરવાની નથી અને અમોને માર મારેલ હતો એટલે અમો ધાકમાં

હતા માટે કોર્ટે પુછયુ ત્યારે અમોએ કોઈ ફરીયાદ કરેલ નહી અમો બધા મળીને આશરે ૧૪૦ માણસોને આ રીતે કોર્ટમાં રજુ કરેલા. કોર્ટે અમને જેલમાં મોકલેલ ત્યાથી અમોએ ઈરવીન હોસ્પિટલ માં સારવાર લીધેલી તેમજ જામીન ઉપર છુટયા બાદ અમોએ જામજોધપુર સરકારી દવાખાનામાં પણ સારવાર લીધેલ છે અગાઉ અમારા ગામવાળાને પોલીસ સાથેની માથાકુટ ને અનુસંધાને ગામ બંધ રહેલુ તે બાબતે રાગ દવેષ રાખીને ગામ બંધ હતુ તે દરમ્યાન કર્ફયુના નામે પોતાનું વેર વાળવા માટે ખોટા બહાના હેઠળ અમોને માર મારેલો અને બનાવ પછી દેસાઈ પંચનો અહેવાલ તથા પ્રધાનો વિગેરે આવી ગામની મુલાકાત લઈ ગયેલ અને આ બનાવ બાબતે પગલા લેવામાં આવશે તેવી ખાત્રી આપેલી તેથી અમોએ ફરીયાદ કરેલી નહી અને આખરે પગલા ન લેવાતા હાલની ફરીયાદ તે કારણોસર મોડી કરેલ છે.

**૬.૧)** બચાવ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત ખરી છે કે મારું માલિકીનું મકાન જાહેર રોડ પર આવેલ છે અને મારા મકાનની આજુબાજુ બીજા ઘણા બધા લોકોના મકાનો આવેલા છે. મારા કુટુંબના મળીને કુલ ૧૩ સભ્યો છે. બનાવ બન્યાનું મે જણાવ્યુ ત્યારે આ બધા ત્યાં હાજર હતા. સરતપાસમાં નામ આપ્યા તે બધા મારા મિત્રો થતા હતા. એ વાત ખરી છે કે ડેલી ખોલીને મે આરોપીને જોયા તે પહેલા અગાઉ મે તેઓને કયારેય જોયેલા નથી. એ વાત ખરી છે કે આવનાર આ લોકો કોણ હતા તેને ઓળખતો ન હતો. એ વાત ખરી નથી કે તે વખતે આરોપીઓ સાથે બીજા ઘણા પોલિસવાળાઓ પણ હતા. એ વાત ખરી છે કે બાકીના પોલીસવાળા દુર ઉભા હતા. અયોઘ્યાના મુદે તે દિવસે ગામ બંધનું એલાન હતું. એ વાત ખરી છે કે, મને પકડીને પોલીસ સ્ટેશન લઈ ગયા તે દીવસે મારા સામે આંતકવાદ વિરોધી ધારા તથા રાઓટીંગ અનવ્યે ગુન્હો નોંધાયેલ હતો. એ વાત ખરી છે કે, મારા ઉપરાંત બીજા ઘણા લોકો સામે પણ આવો ગુન્હો નોંધવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે, અમોને પોલીસ સ્ટેશન લઈ ગયેલ તે અમારી કાયદેસરની ધરપકડ કરીને લઈ ગયેલા બધુ મળીને અમોને પોલીસ સ્ટેશનમાં સતરેક કલાક રાખેલા. એ વાત ખરી છે કે, અમોને કોર્ટમાં રજુ કર્યા ત્યારે પોલીસ વિરુઘ્ધ કોઈ ફરીયાદ છે કે કેમ? તેવુ અમોને જજ સાહેબે પુછેલ ત્યારે અમોએ કોઈ ફરીયાદ કરેલ નહી. સ્વેચ્છાએ જણાવે છે કે, બીકના કારણે કરેલ નથી. જજ સાહેબ સમક્ષ રજુ કરવા કોણ પોલીસ વાળા અમારી સાથે આવેલા તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ વખતે આરોપીઓ પૈકી કોઈ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ન હતા. એ વાત ખરી છે કે, અગાઉ પોલીસ સામે આંદોલન થયેલુ તે જણાવ્યુ તે અન્વયે જામજોધપુરમાં ફરજ બજાવતા પોલીસ વાળાઓ સામે થયેલુ. અમોને જજ સાહેબે વોરંન્ટ ભરી

ને જામનગર સેન્ટ્રલ જેલમાં મોકલેલા ત્યાં અમો આશરે અગીયારેક દીવસ જેલમાં રહેલા. અમોએ ત્યા જેલમાં જેલના ડોકટરને અમારે સારવાર લેવી છે તેમ જણાવેલુ, તેથી પ્રથમ અમોને જેલમાં સારવાર આપેલી અને ત્યારબાદ ઈરવીન હોસ્પીટલ જામનગરમાં સારવાર માટે લઈ ગયેલા. ઈરવીન હોસ્પીટલમાં અમોને પ્લાસ્ટરનો પાટો બાંધીને બે ત્રણ કલાકમાં પાછા જેલે મોકલી આપેલા. એ વાત ખરી નથી કે, મે જેલમાં સારવાર લીધી અને ઈરવીન હોસ્પીટલમાં સારવાર લીધી તે પહેલા મને પાટો બંધાઈ ગયેલ હતો. જેલમાં ગયા પછી આશરે ત્રીજે દીવસે ઈરવીન હોસ્પીટલમાં લઈ ગયેલા તે ચોકકસ યાદ નથી. અમોએ ઈરવીન હોસ્પીટલમાં સારવાર લેતી વખતે ડોકટરને કઈ રીતે ઈજા થયેલી તે જણાવેલુ. સારવાર લીધી તેનું સર્ટી. ઈરવીન હોસ્પીટલમાંથી મેળવેલ છે. અમોએ ઈરવીન હોસ્પીટલમાં સારવાર લીધી તેનુ સર્ટી. આ કામે રજુ કરેલ નથી. જેલમાંથી આશરે અગીયાર દીવસે છુટેલા, ચોકકસ તારીખ મને યાદ નથી. જેલમાંથી છુટીને જામજોધપુર સરકારી દવાખાને સારવાર લીધેલી. જેલમાંથી છુટીને આવ્યા બાદ બીજા–ત્રીજા દીવસે મે સારવાર લીધેલી. સારવાર લેવા માટે અમો ઘણા બધા ગયેલા તેથી કોણ કોણ હતા તે કહી ના શકુ. જામજોધપુર સારવાર લેતી વખતે ડોકટર સાહેબને અમોને ઈજા કઈ રીતે થયેલી તેની જાણ કરેલી. એ વાત ખરી નથી કે, જામનગર જેલમાંથી છુટયા પછી અમોને પોલીસની કોઈ બીક ન હતી. એ વાત ખરી નથી કે, ભુપેન્દ્રકુમાર મગનલાલ મારા ખાસ મિત્ર છે. હુ જાણતો નથી કે, જે તે વખતે તે જામજોધપુરમાં ભાજપ અને કોગ્રેસના સામસામા જુથ પડેલ હતા. એ વાત ખરી નથી કે, એક ગ્રુપને આ ત્રણેય આરોપીઓ એવા પોલીસ અધિકારીઓને વાંધો પડી ગયેલો. ઈજાનુ પ્રમાણપત્ર મેળવીને અમો પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલ નથી. એ વાત ખરી નથી કે, હુ જેલમાંથી છુટયા બાદ અકસ્માતમાં ઈજા થયેલી. એ વાત ખરી નથી કે, મને આરોપીઓએ કોઈ માર મારેલ ન હતો તેથી જજ સાહેબ સમક્ષ મે કોઈ ફરીયાદ કરેલી ન હતી. એ વાત ખરી છે કે, જામજોધપુર સારવાર કરાવવા માટે હુ અને ભુપેન્દ્રભાઈ સાથે ગયેલ હતા. એ વાત ખરી નથી કે, આરોપીઓ સામે ફરીયાદ દાખલ કરવી છે તેવા હેતુથી હુ અને ભુપેન્દ્રભાઈ એકી સાથે સારવાર આપવા ગયેલા. એ વાત ખરી નથી કે, આરોપીઓ સામે ફરીયાદ કરવી કે કેમ? અમારે ગામ લોકો સાથે ચર્ચા થયેલી. જામજોધપુરનુ સર્ટીફીકેટ લીધા પછી પંદરથી વીસ દીવસે આશરે ફરીયાદ કરેલ. ફરીયાદ કરવા માટે અમો ચાર–પાંચ જણા સાથે આવેલા, કોણ કોણ હતા તે યાદ નથી. સારવાર લીધા પછી મને સર્ટીફીકેટ આપ્યા બાદ પંદર દીવસ મોડી ફરીયાદ કરવા અંગે શુ કારણ છે, તે પુછતા જણાવુ છુ કે, દેસાઈ પંચનો અહેવાલ લેવાનો હતો અને પ્રધાનો વિગેરે એ ખાત્રી આપેલી હતી કે પગલા લેવામાં આવશે તેથી બનાવ બાબતે પગલા લેવાશે તેમ અમોએ માનેલુ પણ કોઈ પગલા ન લેવાતા

અમોએ મોડી ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે, દેસાઈ પંચનો અહેવાલ અયોઘ્યા સબંધે આપવાનો હતો. સ્વેચ્છાએ જણાવે છે કે, ગામ લોકોને મારેલા તે સબંધે હતો. એ વાત ખરી છે કે, દેસાઈ પંચ કે સરકાર સમક્ષ મે કોઈ વ્યકિતગત અરજ અહેવાલ કરેલ નથી. સ્વેચ્છાએ જણાવે છે કે, ગામ સમક્ષ રજુઆત કરેલ. એ વાત ખરી છે કે, પ્રભાત સ્ટુડીએથી ભુપતભાઈને સાથે લીઘેલા તેવી હકીકત ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, બીજા પોલીસ વાળાઓ આરોપીઓના કહેવાથી અમોને માર મારતા હતા તેવુ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, હકીકતમાં પોલીસે અમોને કોઈ માર મારેલ નથી કે મે જણાવેલ તેવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે, મે સરતપાસમાં જણાવ્યુ તે મુજબ કાંતિલાલ, જયેશભાઈ, ચંદુલાલ વિગેરે કોઈ વ્યકિત મારા ઘરે બેઠેલા ન હતા. એ વાત ખરી નથી કે, આજે પણ હુ જુબાની આપવા આવ્યો ત્યારે બીજા પાંચ દસ માણસો મારી સાથે આવેલા છે. એ વાત ખરી નથી કે, હકીકત અમુક ગામ લોકોને પોલીસ સામે વાંઘો છે અને તેથી તેના કહેવાથી આ ખોટી ઉપજાવી કાઢેલ ફરીયાદ છે અને ખોટી જુબાની આપુ છુ.

૭) ફરીયાદપક્ષે સાહેદ ભુપેન્દ્રભાઈ મગનલાલ પાડલીયાએ આંક–૮૫ ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઈલેકટ્રીકના જી.ઈ.બી.માં કોન્ટ્રાકટ રાખવાનુ કામ કરે છે. તેઓ સંજીવ ભટને નામથી ઓળખે છે, બીજા આરોપીઓને ઓળખતા નથી. બનાવ આશરે દશેક વર્ષ પહેલા બપોરના દોઢેક વાગ્યે બનેલો. બનાવ વખતે તેઓ તેમનુ મોટર સાઈકલ લઈને જી.ઈ.બી.ની ઓફીસે જતા હતા ત્યારે પ્રભાત સ્ટુડીયો પાસે આવતા ત્યારે સામેથી પોલીસના સાહેબની ગાડી આવતી હતી તેથી તે સાહેબે મને ઉભો રખાવ્યો, હુ ઉભો રહેતા સાહેબ ઉતરીને મને સીઘા મારવા લાગેલા આ સાહેબ પાસે લાકડાનુ ટુલ જેવુ હતુ તેનાથી મને મારવા લાગેલા. પાછળથી મને ખબર પડેલ કે આ સાહેબ સંજીવ ભટ હતા, પાછળથી એટલે મને પોલીસ સ્ટેશને લઈ ગયા પછી આ સાહેબ સંજીવ ભટ્ટ છે તેમ બઘા કહેતા હતા તેથી મને ખબર પડેલી. મને માર મારીને સીઘો જીપમાં બેસાડી દીઘેલો, મને જીપમાં બેસાડયો ત્યારે જીપમાં પોલીસના માણસો ઉપરાંત બીજા બે માણસો હતા તેમાં કુંભારનો છોકરો મહેશ હતો અને જયેશ બ્રામ્હણનો છોકરો હતો. જીપમાં બેસાડીને મને સીઘા પોલીસ સ્ટેશને લઈ ગયેલા, પોલીસ સ્ટેશનેથી અમોને રાત્રે ભાણવડ લઈ ગયેલા, ભાણવડ લઈ ગયેલા ત્યારે અમોને કોઈએ કહેલ નહી કે શુ કામે પકડી ગયેલ છે. ભાણવડ અમોને મેજીસ્ટ્રેટ પાસે લઈ ગયેલા અને પછી જેલમાં લઈ ગયેલા. અમો ને મેજીસ્ટ્રેટ પાસે લઈ ગયેલા ત્યારે પોલીસે માર મારેલાની ફરીયાદ કરેલ નહી. અમોએ ડરના કારણે આવી ફરીયાદ કરેલ નહી. સંજીવ ભટ્ટે જીપમાંથી મને માર મારેલો તેના કારણે મને બન્ને પગના ગોઠણ ઉપર, બંને કુલા

ઉપર, વાસામાં તથા બન્ને ખભા ઉપર ઈજાઓ થયેલી હતી, અમોને જામનગર જેલમાં લઈ ગયા બાદ ત્યાં જેલના ડોકટરે મને મલમ અને તેની દવાઓ આપેલી. જેલમાંથી છુટયા પછી જામજોધપુર સરકારી દવાખાને સારવાર લીધેલી. અમોને જીપમાં પોલીસ સ્ટેશને લઈ ગયેલા ત્યારે બીજા ઘણા માણસો હતા. તયારે ત્યાં પોલીસ ખાતુ ખુબ જ માર મારતુ હતુ. ભાણવડ અમોને આશરે ૧૪૪ થી ૧૫૦ જણાને લઈ ગયેલા. અમને બધાને માર મારવા નુ કારણ ઈરાદા પુર્વક પોલીસનુ દમન હતુ. પોલીસે દમન શા માટે કરેલુ તેની મને ખબર નથી. અગાઉ જામજોધપુરમાં પી.એસ.આઈ. સીસોદીયા હતા તેના કોઈ પ્રકરણ સબંધે પોલીસે આ દમન કરેલુ તેવુ મને પાછળથી જાણવા મળેલુ. હુ સંજીવ ભટ્ટને જોયે ઓળખુ છુ. કોર્ટમાં હાજર નથી.

**૭.૧)** બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટ તપાસ કરતા સાહેદ જણાવે છે કે, તેઓ જામજોધપુર મુકામે જન્મથી જ રહે છે. એ વાત ખરી છે કે, ફરીયાદી મહેશ દામજી જામજોધપુરમાં વર્ષોથી રહે છે તથા તેઓ ઘણા સમયથી મારા મિત્ર છે. મને માર માર્યો એ બનાવ જાહેર રોડ ઉપર બનેલો. એ વાત ખરી નથી કે, મને માર માર્યો ત્યારે ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે જાહેર રોડ ઉપર ઘણી દુકાનો છે. એ વાત ખરી છે કે, મહેશભાઈનો બનાવ કઈ જગ્યાએ અને કઈ રીતે બનેલો તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે બનાવના દીવસે આંતકવાદ ધારાના ગુન્હામાં તથા રાઓટીંગના ગુન્હામાં પકડેલા. અમોને જામજોધપુર પોલીસ સ્ટેશનમાં આશરે તેર થી ચવુદ કલાક રાખેલા. એ વાત ખરી નથી કે, આ દરમ્યાન ગામના ઘણા માણસો મળવા આવેલા. સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યા કોઈને મળવા આવવા દેતા ન હતા. એ વાત ખરી છે કે, જામજોધપુર પોલીસ સ્ટેશને મારા ફીન્ગર પ્રીન્ટ લેવામાં આવેલા. એ વાત ખરી નથી કે, મારા ફીન્ગર પ્રીન્ટ લેવામાં આવ્યા ત્યારે આંતકવાદના ગુન્હા સબબ મારી ધરપકડ કર્યાની મને જાણ કરેલી ત્યાર પછી મારી સહી લીધેલી, એ વાત ખરી છે કે, પોલીસે મારી ધરપકડ કરી મને જજ સાહેબ સમક્ષ રજુ કરેલ તે વખતે જજ સાહેબે મને વ્યકિતગત પુછેલ કે પોલીસ વિરુધ્ધ કોઈ ફરીયાદ છે? તે વખતે મે કોઈ ફરીયાદ નથી તેમ જજ સાહેબ ને જણાવેલુ. જજ સાહેબ પાસે અમોને રજુ કરવા માટે કોણ પોલીસ આવેલ તેની મને ખબર નથી. જામનગર જેલમાં ડોકટર આવેલા ત્યાં દવાખાનુ છે કે, નહી તેની મને ખબર નથી. અમોને જેલરે સારવાર માટે જરુર છે? તેવુ પુછેલુ અમો હા પાડતા આવેલા. જેલમાં સારવાર લીધેલી તેનુ કોઈ સર્ટી. મે માંગેલ નથી. જેલમાં હુ દશ દિવસ રહેલો. એ વાત ખરી નથી કે, જેલમાંથી છુટયો ત્યારે મારી ઈજાઓ મટી ગયેલી હતી. જેલમાંથી છુટયા પછી બીજા–ત્રીજા દીવસે જામજોધપુર સારવાર લીધેલી. જામજોધપુર સારવાર લીધી

ત્યારે આ ઈજાઓ પોલીસના મારવાથી ઈજાઓ થયેલી છે તેમ જણાવેલુ. એ વાત ખરી નથી કે, હુ અને ફરીયાદી મહેશભાઈએ સારવાર લેવી છે તેવુ નકકી કરીને દવાખાને ગયેલા. એ વાત ખરી છે કે, ગામ લોકો સાથે વાત ચીત થયેલી કે બનાવ બાબતે ફરીયાદ કરવી છે તે માટે સારવાર કરેલી. ડોકટરને ગામ લોકોએ કોઈ ભલામણ કરેલ કે કેમ? તેની મને ખબર નથી. સર્ટીફીકેટ આવી ગયા પછી મે કોઈ ફરીયાદ કરેલ નથી. હું જાણતો નથી કે, ફરીયાદી મહેશભાઈએ ગામના આગેવાનોના કહેવાથી ફરીયાદ કરેલ છે. બનાવ વખતે મારી માલીકીનુ મોટર સાઈકલ હતુ. એ વાત ખરી નથી કે, જેલમાંથી છુટયા પછી હુ અને ફરીયાદી મહેશભાઈની મોટર સાઈકલ પરથી પડી ગયા અને તેના કારણે ઈજાઓ થયેલી. એ વાત ખરી નથી કે, હકીકતે મને આરોપીઓએ કે પોલીસે માર મારેલ નથી. એ વાત ખરી છે કે, આજની તારીખે પણ આરોપી પ્રવિણસિંહ ઝાલા અને શૈલેષભાઈ પંડયા ને વ્યકિતગત રીતે ઓળખતો નથી. એ વાત ખરી છે કે, પ્રવિણસિંહ ઝાલા અને શૈલેષભાઈ પંડયાએ મને કોઈ માર મારેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદી મહેશભાઈ મારા મિત્ર છે તેઓએ હાલની ખોટી ફરીયાદ કરેલ છે અને તેની મદદ કરવા ખોટી જુબાની આપુ છુ.

૮) ફરીયાદપક્ષે ડો. સાહેદ નિલેશભાઈ હરગોવિંદભાઈ કલોલા નાઓએ આંક-૧૪૮ ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૧૯૯૦ ની સાલમાં જામજોધપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવ તા હતા ત્યારે તા.૦૯/૧૧/૧૯૯૦ ના રોજ તેઓ ફરજ પર હાજર હતા ત્યારે સવાર ૧૦:૩૦ વાગ્યે મહેશ દામજીભાઈ ચિત્રોડા તેઓને થયેલ શારિરીક ઈજાઓ ની તપાસ સારવાર માટે મારી પાસે આવેલ. જેને મે જોઈ તપાસતા બંને કુલા ઉપર અને બંને સાથળ ડાબા અને જમણા પાછળના ભાગે, બંને પગની પીંડીના ભાગે દબાવવાથી દુખાવાની ફરીયાદ હતી તથા જમણા હાથના કોણી પછીના હાથ ઉપર તપાસતા કલિનીકલી ફ્રેકચર હોવાનું માલુમ પડેલ જયાં કાચા પ્લાસ્ટર નો પાટો હતો. અને દર્દીને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી જે અંગે સારવાર કરી આંક-૦૭ થી સારવાર સર્ટી. આપેલ જેમાં મારી સહી અને હોસ્પિટલનો સિકકો છે.

વધુમાં દર્દી નામે ભુપેન્દ્રકુમાર મગનલાલ પાડલીયા મારી સમક્ષ સારવાર માટે તા.૦૯/૧૧/૧૯૯૦ ના રોજ સવાર ૧૦:૦૦ વાગ્યે આવેલા તેઓને મે જોઈ તપાસતા બંને બાજુના વાંસાના ત્રિકોણ ( સ્ટેબ્યુલા ) પર ઉઝરડા હતા તથા જમણા હાથના કોણી થી કાંડા સુધીના પાછળના ભાગ પર દબાવવાથી દુખાવો હતો તથા જમણી બાજુના કુલા ઉપર દબાવવાથી દુખાવો હતો તથા ઘુંટણના સાંધાની પાછળ દબાવવાથી દુખાવો હતો.

અને દર્દીને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી જે અંગે સારવાર કરેલ મને માર્ક–૩/૨ થી રજુ સારવાર સર્ટી. બતાવવામાં આવેછે જેમાં મારી સહી અને હોસ્પિટલનો સિકકો છે જેને રજુ દાખલ આંક–૧૪૯ આપવામાં આવે છે.

ફરીયાદી જયારે સારવાર લેવા મારી પાસે આવેલ ત્યારે આ ઈજા કેવી રીતે થયેલ તે જણાવેલ નહી.

**આરોપી નં.૧ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એમ.એલ.પાથર**

એ વાત ખરી નથી કે મે સરતપાસમાં તદન ખોટી હકીકત જણાવેલ છે.એ વાત ખરી નથી કે આ કામે રેકર્ડ દસ્તાવેજ ખોટા ઉભા કરેલા છે.

**આરોપી નં.૨ તરફે ઉલટ તપાસ તેમજ નં.૩ તરફે પ્રોકસી વિ.વ.શ્રી કે.બી.બાલધા**

એ વાત ખરી છે કે કોઈ વ્યકતિ સરકારી હોસ્પિટલમાં સારવાર લેવા આવે ત્યારે સૌપ્રથમ ઓપીડી કેસ કાઢવાનો હોય છે અને ત્યારબાદ મારી સમક્ષ દર્દી તપાસ માટે મોકલવામાં આવે છે. એ વાત ખરી છે કે હું આ કામે ઓપીડી કેસ પેપર્સ લાવેલ નથી અને અગાઉ રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે ઓપીડી કેસ મેમો ઉપરથી દર્દીનું સારવાર સર્ટીફીકેટ તૈયાર થાય છે. એ વાત ખરી છે કે મે આપેલ સર્ટીફીકેટમાં દર્દી વાહનમાં આવેલા કે ચાલીને આવેલ તેનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા સર્ટીફીકેટમાં કોણે ઈજા કરેલ તેનું નામ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે દર્દી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડા મારી પાસે સારવાર માટે આવેલા ત્યારે તેમના હાથ પર કાચો પાટો બાંધેલ હતો. એ વાત ખરી છે કે મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડા ને હાથ પર કાચો પાટો બંધાયેલ છે તે અંગે મે કોઈ તેનો એકસ–રે લેવડાવેલ નથી. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકતિ ઘરે પણ કાચો પાટો હાથ પર બાંધી શકે. એ વાત ખરી છે કે મે દર્દીને પાટો ખોલીને ફ્રેકચર થયેલ છે કે કેમ તેની તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે મે દર્દીને ફ્રેકચર થયેલ છે તે અંગે કોઈ જગ્યાએ રીફર કરેલા નથી. એ વાત ખરી છે કે દર્દીને બંને પગની પીંડી ઉપર, બંને પગના કુલા ઉપર દર્દી પડી જવાથી ઘરબાય જવાના કારણે આવા પ્રકારની ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે બંને સારવાર સર્ટીફીકેટમાં કેસ હિસ્ટ્રી દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૪૯ ના સારવાર સર્ટીફીકેટમાં જણાવેલ ઈજાઓ કોઈ વ્યકતિ મોટરસાયકલ પરથી પડી જાય તો પણ થઈ શકે. એ વાત ખરી છે કે આંક–૭ અને આંક–૧૪૯ ના સારવાર સર્ટીફીકેટમાં લાલ ચકામો, ભરોળ જેવી ઈજાઓના નામ લખાયેલ નથી. એ વાત ખરી છે કે મારા બંને સારવાર સર્ટીફીકેટમાં ઈજાઓની ઉમર દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે અમારે કોઈપણ દર્દીના સારવાર સર્ટીફીકેટ પોલિસને જ આપવાના હોય છે. એ વાત ખરી છે કે મે આ કામે ઈજા પામનાર બંને દર્દીને કોઈ સારવાર સર્ટીફીકેટ આપેલ નથી. મને યાદ નથી કે પોલિસે સર્ટીફીકેટ મેળવવા માટે દર્દીના નામવાળુ લિસ્ટ આપેલ કે કેમ. એ વાત ખરી છે કે કોઈ પણ સર્ટીફીકેટ આપીએ તેમાં ઓસી માં સહી લેવાની હોય છે. એ વાત ખરી છે કે બંને સર્ટીફીકેટમાં કોઈ પોલિસ અધિકારીની સહી લેવામાં આવેલ નથી.

૯) સદર કામે ફરીયાદીએ બનાવ નજરે જોનાર અને ભોગ બનનાર સાહેદ જયેશ રવિશંકર જોષીને આ કામે તપાસવા માંગતા ન હોવાનું આંક–૧૩૩ થી લૈખિત પુરસીસથી જાહેર કરેલ છે.

૯.૧) સદર કામે ફરીયાદીએ બનાવ નજરે જોનાર અને ભોગ બનનાર સાહેદ ચંદુલાલ ગાંગજીભાઈ રતનપરા ને ફરીયાદમાં સાહેદ તરીકે દર્શાવેલ હોય પરંતુ આ કામે તપાસવામાં આવેલ નથી.

૯.૨) સદર કામે ફરીયાદીએ બનાવ નજરે જોનાર સાહેદ કાંતીલાલ રમણીકલાલ ઠકરાર મરણ ગયેલાનું આંક–૧૩૪ થી લેખીત પુરસીસથી જાહેર કરેલ છે.

૯.૩) સદર કામે ફરીયાદીએ આંક–૧૩૬ થી તા. ૨૦/૦૨/૨૦૨૩ ના રોજ અરજ આપી તેમાં જણાવેલ છે કે તા.૩૧/૧૦/૧૯૯૦ ના રોજ જેલ યાદી મુજબ સારવાર લેવા માટે ઈરવીન હોસ્પિટલ જામનગરમાં ગયેલ તે સારવાર કરનાર ડો.શ્રીને સમન્સ કરવા અરજ આપતા, સમન્સ કરતા, ફરીયાદીની સારવાર કરનાર ડો. મળી આવેલ ન હોવાનો સમન્સમાં શેરો આવેલ અને સમન્સ વગર બજે પરત આવેલ છે.

૯.૪) સદર કામે ફરીયાદીએ આંક–૧૫૪ થી તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજ અરજ આપી તેમાં જણાવેલ છે કે ઈરવીન હોસ્પિટલમાં તા.૩૧/૧૦/૧૯૯૦ થી તા.૦૮/૧૧/૧૯૯૦ ના સમય દરમયાન ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડાને જીલ્લા જેલ જામનગરમાંથી સારવાર માટે મોકલાવેલ હતા તે તમામ સારવારના કેસ પેપર્સ ની નકલ મળવા અંગે ઈરવીન હોસ્પિટલમાં આર.ટી.આઈ તા.૧૫/૦૪/૨૦૨૩ ના રોજ કરેલ હોવાનું જણાવેલ અને આર.ટી.આઈ ની અરજની નકલ સામેલ રાખી મુદત માંગેલ, તેમજ જીલ્લા જેલ જામનગરના માહીતી અધિકારીશ્રી પાસે ફરીયાદી મહેશકુમાર દામજીભાઈ ચિત્રોડાને તા.૩૧/૧૦/૧૯૯૦ થી તા.૦૮/૧૧/૧૯૯૦ ના સમય દરમયાન પોલીસ મારના લીધે ફ્રેકચર હોય જેથી ઈરવીન હોસ્પિટલમાં જેલ કસ્ટડી દરમ્યાન સારવાર માટે મોકલેલ હોય તેનો રેકર્ડ આધારીત રજીસ્ટરના ઉતારાની નકલ મળવા અંગે આર.ટી.આઈ તા.૧૫/૦૪/૨૦૨૩ ના રોજ કરેલ હોવાનું જણાવેલ અને આર.ટી.આઈ ની અરજની નકલ સામેલ રાખી મુદત માંગેલ.

૯.૫) સદર કામે ફરીયાદીએ આંક–૧૬૦ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૯૧ અન્વયે જરૂરી સરકારી દસ્તાવેજો ઈરવીન હોસ્પીટલ જામનગર (જી.જી. હોસ્પીટલ) માંથી મંગાવવા હુકમ કરવા અરજ કરતા જે અરજ મંજુર

કરવામાં આવેલ અને ઈરવીન હોસ્પિટલમાં સદર હુકમ મુજબ દસ્તાવેજો રજુ કરવા સમન્સ કરતા તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ ઈરવીન હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો.શ્રી પી.એમ.ખાણધર નાઓ આર.એમ.ઓ ડો. પી.આર.સકસેનાના કાર્યાલય આદેશ સાથે હાજર રહેલ અને તેઓને આંક–૧૬૬ થી તપાસતા તેઓ જણાવે છે કે વર્ષ ૨૦૦૬ પહેલાના રીપોર્ટ ડીસ્પોઝલ કરવામાં આવેલ છે જે કાર્યાલય આદેશમાં જણાવેલ છે જેમાં આર.એમ.ઓ સાહેબની સહી અને હોસ્પિટલનો સીકો મારેલ છે જે કાર્યાલય આદેશને આંક–૧૬૭ આપવામાં આવેલ છે.

૯.૬) સદર કામે ફરીયાદીએ આંક–૧૬૮ થી તા. ૧૧/૦૯/૨૦૨૩ ના રોજ ઈરવીન હોસ્પિટલના રેકર્ડ શાખાના અધિકારીશ્રી અને આર.એમ.ઓ ડો. પી.આર.સકસેનાને તા.૦૨/૧૧/૧૯૯૦ તથા તા.૦૩/૧૧/૧૯૯૦ ના નાશ કરેલ સારવારના પેપર્સના રજીસ્ટર સાથે હાજર રખાવવા માટે સમન્સ ઈશ્યુ કરવાની અરજ કરતા જેમાં બંને પક્ષોને સાંભળીને આંક–૧૬૭ થી આ કામે આર.એમ.ઓ ડો.પી.આર.સકસેના નો કાર્યાલય આદેશ રજુ થયેલ હોય અને તેમાં ૨૦૦૬ પહેલાના મેડીકલ સારવારના પેપર્સ ડીસ્પોઝલ કરવામાં આવેલ હોવાનું લખાયેલ હોય જેથી કેસનું રેકર્ડ ધ્યાને લઈ અરજ ના–મંજુર કરવામાં આવેલ.

૯.૭) સદર કામે ફરીયાદીએ આંક–૧૭૧ થી તા. ૨૫/૦૯/૨૦૨૩ ના રોજ જીલ્લા જેલ જામનગરમાં તા.૦૨/૧૧/૧૯૯૦ ના રોજ ફરજ બજાવતા ડો. કાંતીલાલ નાથાભાઈ પાનસુરીયાને સમન્સ કરવા અરજ કરતા, ડો.સાહેદને સમન્સ કરતા આંક–૧૭૬ થી સમન્સ વગર બજે પરત આવેલ અને બજવણીના શેરામાં જણાવેલ છે કે જેલ ખાતે તથા જી.જી. હોસ્પિટલમાં તપાસ કરતા આવા નામ વાળા કોઈ ડો.શ્રી ફરજ બજાવતા નથી અને તેઓનો કોઈ સંપર્ક નંબર નથી તથા સરનામું પણ મળી આવેલ ન હોવાનું લખાયેલ છે.

૯.૮) સદર કામે ફરીયાદીએ આંક–૧૭૭ થી તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ ડો. કાંતીલાલ નાથાભાઈ પાનસુરીયા રાજકોટ સેન્ટ્રલ જેલમાં છેલ્લે ફરજ બજાવેલ હોય તેનું સરનામું રાજકોટ સેન્ટ્રલ જેલમાંથી મળી આવે તેમ હોય જેથી રાજકોટ સેન્ટ્રલ જેલને સમન્સ કરી ડો. સાહેદને હાજર રખાવવા અરજ કરેલ જે અંગે બંને પક્ષોને સાંભળીને ડો. સાહેદનું પાકું સરનામું ફરીયાદીએ રજુ કરેલ ન હોય જેથી કેસનું રેકર્ડ ધ્યાને લઈ અરજ નામંજુર કરેલ.

૯.૯) સદર કામે ફરીયાદીએ આંક–૧૮૦ થી ડો. કાંતીલાલ નાથાભાઈ પાનસુરીયાનું નવુ સરનામું રજુ કરવા મુદત માંગેલ જે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.સી.૨૯૧૭/૨૦૨૩ તા.૦૪/૧૨/૨૦૨૩ ને ઘ્યાને લઈ, નામ. ડીસ્ટ્રીકટ કોર્ટ દવારા નં.બી–૧/૫૨૬૩/૨૦૨૩ તા. ૫/૧૨/૨૦૨૩ થી અત્રેની અદાલતને ૩૦ વર્ષ જુના કેસોમાં ટોપ પ્રાયોરીટી આપી અને ઝડપી ઈન્સાફી કાર્યવાહી કરવા આદેશ ફરમાવેલ હોય જેથી ફરીયાદીને છેલ્લી અને આખરી મુદત ડો.શ્રી.કાંતીલાલ નાથાભાઈ પાનસુરીયાનું સરનામું રજુ કરવા મુદત મંજુર કરેલ.

૯.૧૦) સદર કામે ફરીયાદીએ આંક–૧૮૩ થી નિવૃત સરકારી કંપાઉન્ડર કાંતીલાલ નાથાભાઈ પાનસુરીયા ને સમન્સ કરવા અરજ કરેલ જે અંગે બંને પક્ષોને સાંભળીને કેસનું રેકર્ડ ઘ્યાને લેતા અગાઉ ફરીયાદી એ આંક–૧૭૧ તથા આંક–૧૭૭ તથા આંક–૧૮૦ ની અરજમાં ડો. કાંતીલાલ નાથાભાઈ પાનસુરીયાને સમન્સ કરવા અરજ આપેલી અને ત્યારબાદ હાલની અરજ નિવૃત સરકારી કંપાઉન્ડર કાંતીલાલ નાથાભાઈ પાનસુરીયાને સમન્સ કરવા આપેલ, પરંતુ ફરીયાદમાં પણ આવા નામનો ઉલ્લેખ કરેલ ન હોય તેમજ ફરીયાદીએ ડો. પાનસુરીયા પાસે કે કંપાઉન્ડર પાનસુરીયા પાસે સારવાર કરાવેલી હોય તો તે અંગેના પણ કોઈ સારવારના કાગળો આ કામે રજુ કરેલ ન હોય જેથી કેસનું રેકર્ડ ઘ્યાને લઈ અરજ ના–મંજુર કરવામાં આવેલ.

૯.૧૧) સદર કામે ફરીયાદીએ આંક–૧૮૬ થી અરજ આપી તેમાં જણાવેલ કે આંક–૧૭૭ તથા આંક–૧૮૩ થી જે અરજ ના–મંજુર કરવામાં આવેલ હોય જેની સામે ઉપરની કોર્ટમાં અપિલ કરવા માટે મુદત માંગતા, આવતી મુદતે અપિલનું સ્ટેટસ રજુ કરવાની શરતે મુદત મંજુર કરવામાં આવેલ.

૯.૧૨) સદર કામે ફરીયાદીએ આંક–૧૮૮ થી મુદત અરજ આપેલ અને તેમાં જણાવેલ કે સિનિયર હાઈકોર્ટ એડવોકેટને ફાઈલ મોકલાવેલ હોય અને તેમાં અપિલ કરવાની હોય જેથી મુદત માંગતા છેલ્લી મુદત મંજુર કરવામાં આવેલ.

૯.૧૩) સદર કામે ફરીયાદીએ આંક–૧૯૦ થી ચાર્જનો પુરાવો પુર્ણ કર્યા અંગેની પુરસીસ આપેલ છે અને તેમાં જણાવેલ છે કે ચાર્જ માટે વિશેષ પુરાવો રજુ કરવાનો ન હોય, માટે ચાર્જનો પુરાવો પુર્ણ થયાનું આ પુરસીસથી જાહેર કરીએ છીએ.

**ચાર્જના પુરાવાનું મુલ્યાંકન :–**

**૧૦)** આમ, ઉપરોકત જણાવેલ તમામ હકીકત તથા કેસનું સમગ્ર રેકર્ડ, પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો વંચાણે લેતા, આ કામના ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડાએ આંક–૧ ની ફરીયાદમાં બનાવ તા.૩૦/૧૦/૧૯૯૦ ના રોજ બપોરના દોઢેક વાગ્યે તેમના ઘરે ફરીયાદી તથા તેમના બૈરા, છોકરાઓ તથા કાંતિલાલ રમણીકલાલ ઠકરાર, જયેશ રવિશંકર જોષી, ભુપેન્દ્દ મગનલાલ પાડલીયા, ચંદુલાલ ગાંગજીભાઈ રતનપરા ટી.વી જોતા હતા તેવામાં તહોમતદારોએ બહાર બોલાવેલા અને લાકડીઓ વડે તુટી પડેલ અને તેઓ બધાને લાકડીઓ મારતા મારતા લાડવા શેરીના નાકા સુધી લઈ ગયેલા અને ત્યાં ઉભા રાખીને લાકડીઓ મારેલ ત્યારબાદ પ્રભાત સ્ટુડીયો પાસે લાવેલ અને તહોમતદાર નં.૧ સંજીવ ભટ ફરીયાદીને લાકડી વડે માર મારતા જમણા હાથમાં ફ્રેકચર થયેલ છે અને તહોમતદાર નં.ર પ્રવિણસિંહ ઝાલા તથા તહોમતદાર નં.૩ શૈલેષ પંડયા એ ફરીયાદીને લાકડી વડે માર મારતા બંને કુલા ઉપર, બંને પગની પિંડી ઉપર ઈજાઓ થયેલ છે તથા આ કામના સાહેદ ભુપેન્દ્ર મગનલાલ પાડલીયાને તહોમતદાર નં.૩ શૈલેષ પંડયાએ લાકડીઓ વડે માર મારતા બંને ખભાના થાપાના ભાગે, જમણા હાથના પાછળના ભાગે, જમણા કુલા ઉપર તથા ગોઠણ ઉપર ઈજાઓ થયેલાનું ફરીયાદમાં જણાવેલ છે અને આંક–૮૪ ની સોંગદપરની જુબાનીમાં ફરીયાદીએ જણાવેલ છે કે બનાવ તા.૩૧/૧૦/૧૯૯૦ ના રોજ તેઓના ઘરે તેમના મિત્રો કાંતિલાલ રમણીકલાલ, જયેશ રવિશંકર, ચંદુલાલ રતનપરા સાથે ટી.વી જોતા હતા ત્યારે આ કામના તહોમતદારો આવેલા અને ડેલી ખખડાવતા ડેલી ખોલેલી ત્યારે અમોને બહાર બોલાવી લાકડી વડે માર મારવા લાગેલા અને તે વખતે ફરીયાદીના ઘરે તેના મિત્ર ભુપેન્દ્ર મગનલાલ પાડલીયા સાથે ન હોવાનું પુરાવામાં જણાવેલ છે, જયારે ફરીયાદમાં ભુપેન્દ મગનલાલ પાડલીયા ફરીયાદીના ઘરે હતા અને તહોમતદાર નં.૩ શૈલેષ પંડયાએ લાકડી વડે માર મારેલાનું જણાવેલ છે. વધુમાં આ કામે સાહેદ ભુપેન્દ્ર મગનલાલ પાડલીયાને આંક–૮૫ થી તપાસતા તેઓ બનાવ વખતે તેઓ તેમનુ મોટર સાઈકલ લઈને જી.ઈ.બી.ની ઓફીસે જતા હતા ત્યારે પ્રભાત સ્ટુડીયો પાસે આવતા હતા ત્યારે સામેથી પોલીસના સાહેબની ગાડી આવતી હતી તેથી તે સાહેબે મને ઉભો રખાવ્યો અને ટુલ વડે સંજીવ ભટે માર મારેલાનું જણાવેલ છે જેથી સદર સાહેદ બનાવ વખતે ફરીયાદીના ઘરે ન હોવાનું જણાવે છે અને બચાવપક્ષની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે હું શૈલેષ પંડયાને ઓળખતો નથી અને મને તેમણે માર મારેલ નથી, જયારે ફરીયાદીએ ફરીયાદ હકીકત માં જણાવેલ છે કે ભુપેન્દ્ર મગનલાલ પાડલીયા બનાવ વખતે મારા ઘરે ટી.વી જોતા હતા અને તહોમતદારો

આવીને લાકડી વડે માર મારેલો તેમાં ભુપેન્દ્ર મગનલાલ પાડલીયાને શૈલેષ પંડયાએ લાકડી વડે માર મારેલાની હકીકતને સાહેદ ભુપેન્દ્ર મગનલાલ પાડલીયાના સોંગદપરના પુરાવાથી બિલકુલ સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં ભુપેન્દ્ર મગનલાલ પાડલીયાએ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે ફરીયાદી મહેશભાઈ નો બનાવ કંઈ જગ્યા એ અને કંઈ રીતે બનેલો તેની મને ખબર નથી. જેથી આંક–૦૧ ની ફરીયાદને આંક–૮૫ ના સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી. વધુમાં ફરીયાદીએ જયુડિશીયલ કસ્ટડી દરમયાન જામનગર જિલ્લા જેલમાં થી ઈરવીન હોસ્પીટલ જામનગરમાં સારવાર લીધેલ હોવાની હકીકત ફરીયાદ તથા આંક–૮૪ ના પુરાવામાં જણાવેલ છે, પરંતુ આ કામે ફરીયાદીએ જામનગર જિલ્લા જેલમાંથી ઈરવીન હોસ્પીટલ જામનગરમાં સારવાર કરાવેલ હોય તેવા કોઈ સારવારના કાગળો ફરીયાદ દાખલ કરતી વખતે કે ફરીયાદપક્ષના પુરાવાના સ્ટેજ દરમયાન રજુ કરેલ નથી. વધુમાં બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદીએ સ્વીકાર કરેલ છે કે સારવાર લીધી તેનું સર્ટીફીકેટ ઈરવીન હોસ્પીટલમાંથી મેળવેલ છે અને અમોએ ઈરવીન હોસ્પીટલમાં સારવાર લીધી તેનું સર્ટીફીકેટ આ કામે રજુ કરેલ નથી, તેવા સંજોગોમાં ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડાએ ફરીયાદ તથા પુરાવામાં જણાવ્યા મુજબ, જમણા હાથમાં ફ્રેકચર થયેલ અને તેની સારવાર ઈરવીન હોસ્પીટલ જામનગરમાં કરાવેલ હોવાની હકીકતને બિલકુલ સમર્થન મળતુ નથી. વધુમાં ફરીયાદીએ ફરીયાદ તથા પુરાવામાં જણાવેલ છે કે તહોમતદારોએ લાકડી વડે માર મારેલ તેની વધુ સારવાર તેઓ જેલમાંથી છુટયા બાદ જામજોધપુર સરકારી દવાખાનામાં કરાવેલ હોવાનું જણાવેલ છે, જે અંગે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી જણાવે છે કે જામજોધપુર દવાખાને સારવાર લેતી વખતે ડોકટર સાહેબને ઈજા કેવી રીતે થયેલ તેની જાણ કરેલી, જે અંગે જામજોધપુર સરકારી દવાખાનાના ડો.શ્રી એન.એચ.કલોલા ને આંક–૧૪૮ થી તપાસતા તેઓ એ તા.૦૯/૧૧/૧૯૯૦ ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે મહેશ દામજી ચિત્રોડા તેઓને થયેલ શારિરીક ઈજાઓ ની તપાસ સારવાર માટે મારી પાસે આવેલ તેમને બંને કુલા ઉપર અને બંને સાથળ ડાબા અને જમણા પાછળના ભાગે, બંને પગની પિંડીના ભાગે દબાવવાથી દુ:ખાવાની ફરીયાદ હતી અને જમણા હાથના કોણી પછીના હાથ ઉપર તપાસતા કલીનીકલી ફ્રેકચર હોવાનું માલુમ પડેલ જયાં કાચા પ્લાસટરનો પાટો હતો અને ઉપરોકત ઈજાઓ સામાન્ય પ્રકારની હતી અને ત્રણ અઠવાડીયામાં ઈજાઓ સારી થઈ જાય તેવી માલુમ પડેલ જે અંગે આંક–૭ વાળું એમ.એલ.સી સર્ટીફીકેટ આપેલ અને ફરીયાદી જયારે સારવાર લેવા મારી પાસે આવેલ ત્યારે આ ઈજા કેવી રીતે થયેલ તે મને જણાવેલ નહી, બચાવપક્ષની ઉલટતપાસમાં ડો. સાહેબ જણાવે છે કે, એ વાત ખરી છે કે કોઈ વ્યકિત સરકારી હોસ્પીટલમાં સારવાર લેવા આવે ત્યારે સૌ પ્રથમ ઓ.પી.ડી કેસ કાઢવાનો હોયછે અને ત્યારબાદ

મારી સમક્ષ દર્દી તપાસ માટે મોકલવામાં આવેછે અને આ કામે તેઓ ઓ.પી.ડી કેસ સાથે લાવેલ નથી કે અગાઉ આ કામે રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે ઓ.પી.ડી કેસ મેમો ઉપરથી દર્દીનું સારવાર સર્ટીફીકેટ તૈયાર થાય છે. એ વાત ખરી છે કે મારા સર્ટીફીકેટમાં કોણે ઈજા કરેલ તેનું નામ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મે આપેલ સારવાર સર્ટીફીકેટમાં કેસ હીસ્ટ્રી દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મે આપેલ સારવાર સર્ટીફીકેટમાં ઈજાની ઉંમર દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મે આપેલ સર્ટીફીકેટમાં લાલ ચકામો, ભરોળ જેવી ઈજાઓના નામ લખાયેલ નથી. એ વાત ખરી છે કે દર્દી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડા મારી પાસે સારવાર માટે આવેલા ત્યારે તેમના હાથ પર કાચો પાટો બાંધેલ હતો તેનો મે કોઈ એક્ષ–રે લેવડાવેલ નથી. એ વાત ખરી છે કે મે દર્દીને પાટો ખોલી ને ફ્રેકચર થયેલ છે કે કેમ તેની તપાસ કરેલ નથી કે તે અંગે કોઈ જગ્યાએ રીફર કરેલા નથી. એ વાત ખરી છે કે દર્દીને બંને પગની પિંડી ઉપર, બંને પગના કુલા ઉપર દર્દી પડી જવાથી ઘરબાઈ જવાના કારણે આવા પ્રકારની ઈજાઓ થઈ શકે. વધુમાં ડો.એન.એચ.કલોલાએ આ કામના ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડા ની સારવાર તા.૦૯/૧૧/૧૯૯૦ ના રોજ કરેલ અને સદર કામે બનાવ કયારે, કેવી રીતે, કઈ જગ્યાએ, કોના દવારા ઈજા કરવામાં આવેલ તે હકીકત દર્દીએ જામજોધપુર સરકારી દવાખાનાના ડોકટરને સારવાર કરાવતી વખતે જણાવેલ નથી અને આ કામે આંક–૭ થી સારવારનું સર્ટીફીકેટ રજુ થયેલ છે તેમાં પણ બનાવની કોઈ હીસ્ટ્રી દર્શાવવામાં આવેલ નથી અને ડો.શ્રી એ સરતપાસમાં જણાવેલ છે કે ફરીયાદી જયારે સારવાર લેવા મારી પાસે આવેલ ત્યારે આ ઈજા કેવી રીતે થયેલ તે જણાવેલ નહી. જેથી ફરીયાદીએ તેની ઉલટતપાસ દરમયાન ઈજા અંગેની જાણ સારવાર કરનાર ડોકટરને કરેલ હોવાની હકીકતને બિલકુલ સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં ફરીયાદી મહેશભાઈ દામજીભાઈ ચિત્રોડાને તથા સાહેદ ભુપેન્દ્રભાઈ મગનલાલ પાડલીયાને પકડીને ભાણવડ કોર્ટમાં રજુ કરવામાં આવેલા ત્યારે પોડકશન વખતે ભાણવડ કોર્ટના જજ સાહેબશ્રીએ પુછેલ કે, પોલીસ વિરૂધ્ધ માર મારવાની કોઈ ફરીયાદ છે ત્યારે પણ ફરીયાદી અને સાહેદે માર મારવાની ફરીયાદ કરેલ નથી અને જિલ્લા જેલ જામનગરમાંથી ફરીયાદીને સારવાર માટે ઈરવીન હોસ્પીટલ જામનગરમાં લઈ ગયેલાનું અને ફરીયાદીને થયેલ ઈજા અંગે સારવાર કરનાર ડોકટર સાહેબને હકીકત જણાવેલાનું ફરીયાદીએ ફરીયાદ તથા પુરાવામાં જણાવેલ છે પરંતુ ઈરવીન હોસ્પીટલમાં ફરીયાદીએ કંઈ તારીખે સારવાર લીધી તે અંગેની કોઈ હકીકત ફરીયાદમાં કે પુરાવામાં જણાવેલ નથી અને આ કામે ઈરવીન હોસ્પીટલ, જામનગરના કોઈ સારવારના કાગળો કે સર્ટીફીકેટ કે જમણા હાથમાં થયેલ ફ્રેકચર અંગેનો એક્ષ–રે આ કામે ફરીયાદ સાથે કે પુરાવા દરમયાન ફરીયાદીએ રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ છે કે બનાવ વખતે તેઓ અને તેમના કુટુંબના નાના–મોટા ૧૩

માણસો ઘરે હતા અને તેમને તથા તેમના મિત્રો જયેશ રવિશંકર જોષી, ચંદુલાલ ગાંગજીભાઈ રતનપરાને માર મારતા ઘરેથી લઈ ગયેલાનું જણાવેલ છે અને તેઓને મુંઢ ઈજા થયેલાનું પણ ફરીયાદી જણાવે છે તેમ છતાં આ કામે બનાવ નજરે જોનાર સાહેદોને ફરીયાદમાં સાહેદ તરીકે દર્શાવેલ હોવા છતાં ફરીયાદી દવારા તપાસવામાં આવેલ નથી અને ફરીયાદીએ પુરસીસથી જાહેર કરેલ છે કે અમો જયેશ રવિશંકર જોષીને તપાસવા માંગતા નથી તેમજ આખા બનાવને નજરે જોનાર સાહેદ ફરીયાદીના ઘરના સભ્યો છે તેઓને પણ ફરીયાદીએ આ કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી અને ફરીયાદમાં બનાવ વખતે સાહેદ ભુપેન્દ્ર મગનલાલ પાડલીયા હાજર હોવાનું ફરીયાદી જણાવે છે પરંતુ આંક–૮પ ના સોંગદપરના પુરાવામાં ભુપેન્દ્ર મગનલાલ પાડલીયા બનાવ વખતે ફરીયાદી સાથે ન હોવાનું જણાવે છે અને સદર સાહેદ ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, ફરીયાદી મહેશભાઈ નો બનાવ કઈ જગ્યાએ અને કેવી રીતે બનેલ તેની મને ખબર નથી. વધુમાં ફરીયાદીએ ફરીયાદમાં બનાવ તા.૩૦/૧૦/૧૯૯૦ ના રોજ બનેલાનું જણાવેલ છે અને આંક–૮૪ ની સોંગદપરની જુબાનીમાં બનાવ તા.૩૧/૧૦/૧૯૯૦ ના રોજ બનેલાનું જણાવેલ છે અને બનાવ વખતે ફરીયાદી સાથે તેમના મિત્ર ભુપેન્દ્ર મગનલાલ પાડલીયા સાથે હોવાનું અને તેમને શૈલેષ પંડયાએ લાકડી વડે માર મારેલાનું ફરીયાદમાં જણાવેલ છે, જયારે આંક–૮પ ના ભુપેન્દ્ર મગનલાલ પાડલીયાના પુરાવામાં તેઓ શૈલેષ પંડયાને ઓળખતા નથી અને તેઓએ માર મારેલ ન હોવાની હકીકત જણાવેલ છે જેથી આ કામે આંક–૦૧ વાળી ફરીયાદ હકીકતને સદર સાહેદ સમર્થન આપેલ નથી. વધુમાં, ફરીયાદ હકીકત વંચાણે લેતા સદર બનાવ તા.૩૦/૧૦/૧૯૯૦ ના રોજ બનેલ છે અને લેખિત ફરીયાદ અત્રેની અદાલતમાં ફરીયાદીએ તા.૨૧/૧૨/૧૯૯૦ ના રોજ કરેલ છે જે ઈલ ટ્રીટમેન્ટનો બનાવ બન્યાના પ૩ દીવસ બાદ કરેલ છે અને ફરીયાદના પેરા–૯ માં ફરીયાદ મોડી કરવાના કારણમાં પોલીસ વાળાઓએ ત્રાસ વર્તાવેલ તે અંગે અદાલતી તપાસ તથા સી.આઈ.ડી તપાસ વિગેરેની જાહેરાત થઈ હતી તેથી આરોપીઓ સામે પગલા લેવાશે તેમ લાગતુ હતુ પરંતુ આરોપીઓ સામે ફરીયાદ ન નોંધાતાની જાણ થતા હાલની ફરીયાદ કરેલાનું જણાવેલ છે. જયારે આંક–૮૪ ના પુરાવામાં ફરીયાદીએ ફરીયાદ મોડી કરવાના કારણમાં દેસાઈ પંચનો રીપોર્ટ આવવાનો બાકી હોવાનું અને પ્રધાનો દવારા પગલા લેવાની ખાત્રી આપેલ હોવાનું જણાવેલ છે, પરંતુ આ કામે દેસાઈ પંચનો કોઈ રીપોર્ટ રજુ થયેલ નથી કે અદાલતી તપાસ કંઈ બાબતની હતી કે સી.આઈ.ડી તપાસ કંઈ બાબતની હતી તે અંગેનો કોઈ સંતોષકારક ખુલાસો ફરીયાદી દવારા આ કામે કરવામાં આવેલ નથી. વધુમાં આ કામના સાહેદ ભુપેન્દ્ર મગનલાલ પાડલીયાએ આંક–૮પ ના પુરાવામાં ઉલટતપાસ દરમયાન જણાવેલ છે કે, “એ વાત ખરી છે કે ગામ લોકો સાથે વાતચીત થયેલી કે બનાવ

બાબતે ફરીયાદ કરવી છે તે માટે સારવાર કરેલી " અને ફરીયાદીએ આંક–૮૪ ના પુરાવામાં ઉલટતપાસ દરમયાન જણાવેલ છે કે "એ વાત ખરી છે કે જામજોધપુર સારવાર કરાવવા માટે હું અને ભુપેન્દ્રભાઈ સાથે ગયેલા હતા". તેવા સંજોગોમાં સદરહુ ફરીયાદ, ફરીયાદી દવારા પુરતી વિચારણાના અંતે કરવામાં આવેલ હોવાનું કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા જણાય આવેલ છે. ત્યારે આ કોર્ટના સદરહુ તારણને, **નામદાર સુપ્રિમ કોર્ટના *2011(1) GLR 894,*** " ***KISHAN SINGH (DEAD) THROUGH L.RS. V. GURPAL SINGH AND ORS.*** " ના ચુકાદામાં, મોડી ફરીયાદ અંગે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત પરથી પણ સમર્થન મળે છે. સદરહું ચુકાદો જોવામાં આવે તો, તેમાં મોડી એફ.આઈ.આર. સંદર્ભે નીચે મુજબ ઠરાવેલ છે : Para 21. Prompt and early reporting of the occurrence by the informant with all its vivid details gives an assurance regarding truth of its version. In case, there is some delay in filing the F.I.R., the complainant must give explanation for the same. Undoubtedly, delay in lodging the F.I.R. does not make the complainant's case improbable when such delay is properly explained. However, deliberate delay in lodging the complaint is always fatal. **(Vide : Sahib Singh v. State of Haryana, AIR 1997 SC 3247 : 1997 (7) SCC 231).**

વધુમાં, **નામદાર સુપ્રિમ કોર્ટે STATE OF ANDHRA PRADESH VERSUS M.MADHUSUDHAN RAO ના કેસમાં પ્રસ્થાપિત સિધ્ધાંત થયેલ છે કે, 1. That delay in lodging the FIR more often than not, results in embelishment and exaggeration, which is a creature of an after thought.**

**2. That delayed report not only gets bereft of the advantage of spontaneity, the danger of the introduction of coloured version, exaggerated account of the incident or a concocted story as a result of deliberations and consultations, also creeps in, casting a serious doubt on its veracity.**

**3. Therefore, it is essential that the delay in lodging the report should be satisfactorily explained. Resultantly, when the**

**substrutum of the evidence given by the complainant is found to be unreliable, the prosecution case has to be rejected in its entirety.**

આમ, ઉપરોકત જણાવેલ તમામ હકીકત તથા ફરીયાદપક્ષનો ચાર્જનો પુરાવો તથા નામદાર સવોરચ અદાલતના બંને ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા, આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો કલમ–૩૨૩, ૩૨૫ તથા ૧૧૪ મુજબના ગુનાના કામે ચાર્જફ્રેમ કરવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય તેવા સંજોગોમાં ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવેછે.

**–: હુકમ :–**

૧. આ કામના આરોપી : ૧. શ્રી સંજીવ ભટ, ઉંમર : પુખ્ત, રહે. હાલ અમદાવાદ, ૨. શ્રી પ્રવિણસિંહ ઝાલા, ઉંમર : પુખ્ત, રહે : હાલ જામ ખંભાળીયા, ૩. શૈલેષ પંડયા, ઉંમર : પુખ્ત, રહે. હાલ દવારકા વાળા ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૫(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૫,૧૧૪ મુજબના ગુન્હામાંથી બીન તહોમત (ડીસ્ચાર્જ) મુકત કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૧૯ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર.

( અશોક ગોકળભાઈ માલાણી )
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.,જામજોધપુર.
જજ કોડ : જીજે–૦૧૩૮૭.

તારીખ : ૧૯–૦૨–૨૦૨૪.